# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી (PM-KISAN)

# FAQs

| | |
|---|---|
| પ્રશ્ન: | **PM-KISAN યોજના એટલે શું?** |
| જવાબ: | PM-KISAN યોજના એટલે ‘પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ. |
| પ્રશ્ન: | **રાજ્યમાં આ યોજનાનો અમલ ક્યારથી ગણાશે?** |
| જવાબ: | રાજ્યમાં આ યોજના તા: ૦૧/૧૨/૨૦૧૮થી અમલમાં ગણાશે. |
| પ્રશ્ન: | **યોજનાનો ઉદ્દેશ શું છે?** |
| જવાબ: | ૧. ભારત સરકારશ્રી દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૧૦૦% કેન્દ્ર સહાયિત “પ્રધાનમંત્રી કિસાન સમ્માનનિધિ” યોજના શરૂ કરવામાં આવેલ છે.<br>૨. ખેડૂતોને ખેત સામગ્રીની ખરીદી માટે નાણાકીય જરૂરીયાત પૂરી પાડી શકાય જેથી ખેડૂતો તેઓના પાકનું સંરક્ષણ કરી શકે અને પૂરતા ઉત્પાદન મારફત વર્ષના અંતે સુનિશ્ચિત આવક મેળવી શકે.<br>૩. આ યોજનાથી ખેડૂતોને તેઓના ખેતી ખર્ચ માટે ખાનગી ધિરાણદારોના વિષચક્રમાંથી રક્ષણ મળી રહેશે. |
| પ્રશ્ન: | **યોજનાનો લાભ કોણ લઇ શકે છે?** |
| જવાબ: | રાજ્યમાં ૨ (બે) હેક્ટર સુધીની ખેડાણ લાયક જમીન ધરાવતા જમીન ધારક ખેડૂત કુટુંબ આ યોજનામાં લાભાર્થી તરીકે ગણાશે. |
| પ્રશ્ન: | **ખેડુત કુટુંબ ની વ્યાખ્યા શું છે?** |
| જવાબ: | જમીન ધારક ખેડૂત કુટુંબ એટલે “પતિ, પત્ની અને સગીર બાળકો (૧૮ વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેક્ટર સુધી ખેડાણ લાયક જમીન ધરાવતા” હોય તે ગણાશે અને તેમના હસ્તકની સંયુક્ત જમીનને લાભ માટે ગણતરીમાં લેવાની રહેશે. |
| પ્રશ્ન: | **ખેડૂત કુટુંબને કેટલી સહાય મળશે ? તથા કેટલા હપ્તામાં કઇ રીતે મળશે ?** |
| જવાબ: | ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ કુલ રૂ.૬૦૦૦/- ત્રણ સરખા હપ્તામાં સહાય ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી ચૂકવવામાં આવશે. જેનો પહેલો હપ્તો તારીખ ૦૧/૧૨/૨૦૧૮થી ૩૧/૦૩/૨૦૧૯ના સમયગાળા માટેનો રહેશે. |
| પ્રશ્ન: | **સહાય મેળવવા માટે રેવન્યુ એકમ અંગે ખેડૂતની પાત્રતા કઇ રીતે નક્કી કરવાની રહેશે?** |
| જવાબ: | સહાય મેળવવા માટે એક ખેડૂત કુટુંબ એક કરતા વધુ રેવન્યુ એકમોમાં જમીન ધરાવતા હશે તો તે તમામ જમીનની ગણતરી ધ્યાને લઇ પાત્રતા નક્કી કરવાની રહેશે. |
| પ્રશ્ન: | **સહાય મેળવવા માટે જમીન ધારકતાની ગણતરી કઇ રીતે નક્કી કરવાની રહેશે?** |
| જવાબ: | યોજનાના લાભ માટે જમીન ધારકતાની ગણતરી માટે તા.૦૧.૦૨.૨૦૧૯ની સ્થિતીની જમીન |

| | |
|---|---|
| | ધારકતા ધ્યાને લેવાની રહેશે. |
| પ્રશ્ન: | **સહાય મેળવવા માટે વારસાઇ બાબતે ખેડૂતની પાત્રતા તથા લાભની કઇ જોગવાઇ રહેશે ?** |
| જવાબ: | સહાય મેળવવા અર્થે જમીન ધારકના મૃત્યુના કારણે વારસાઇથી માલિકી હક્ક ટ્રાન્સ્ફર સિવાયના કિસ્સામાં આગામી પાંચ વર્ષ સુધીના કોઇ પણ નવા જમીન ધારકને આ લાભ મળવાપાત્ર રહેશે નહિ. તા.૦૧.૧૨.૨૦૧૮ થી તા.૦૧.૦૨.૨૦૧૯ સુધીના સમયગાળામાં જમીન ધારક તરીકે નોંધાયેલ જમીન ધારકને લેન્ડ રેકોર્ડમાં જમીન ધારણ કર્યા અંગેની નોંધણી તારીખથી લાભ મળવાપાત્ર થશે, આવા કિસ્સાઓ કે જ્યાં ખરીદી, વારસાઇ, વસિયતનામા, ભેટ સહિતના કારણોએ ખેડાણ લાયક જમીનની માલિકીના હક્ક તા.૦૧.૧૨.૨૦૧૮ થી તા.૩૧.૦૧.૨૦૧૯ના સમયગાળામાં ટ્રાન્સફર થયા હોય તેવા કિસ્સામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રથમ હપ્તા માટે ટ્રાન્સફર તારીખથી તા.૩૧.૦૩.૨૦૧૯ સુધીના સમયગાળા માટે ચાર મહિનાના પ્રમાણમાં સપ્રમાણ લાભ મળવા પાત્ર થશે. |
| પ્રશ્ન: | **આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર થશે?** |
| જવાબ: | બે હેક્ટર સુધી જમીન ધરાવતા જમીનધારક ખેડૂત કુટુંબની પાત્રતા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.<br>(અ) વ્યક્તિગત ખેડૂત તરીકે બે હેક્ટર સુધી જમીન ધારણ કરેલી હોય.<br>(બ) લેન્ડરેકોર્ડમાં એક કરતા વધુ જમીનધારક ખેડૂત કુટુંબના નામ હોય અને કુલ જમીન બે હેક્ટર કરતા ઓછી હોય તે કિસ્સામાં રેકોર્ડમાં નામ ધરાવતા તમામ સ્વતંત્ર ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.<br>(ક) અ અને બ પૈકી કોઇ એક અથવા બન્નેમાં એક કરતા વધુ જગ્યાએ જમીનધારક ખેડૂત કુટુંબ તરીકે નામ ધરાવતા હોય તે કિસ્સામાં તેમના માલિકીપણા હેઠળ આવતી તમામ ખાતાની જમીનનું કુલ બે હેકટરની મર્યાદામાં હોય.<br>(ડ) લેન્ડરેકોર્ડમાં કુલ જમીન બે હેક્ટર કરતા વધુ હોય અને એમાં સમાવિષ્ટ જમીનધારક ખેડૂત કુટુંબ એક કરતા વધુ હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ જમીનધારક ખેડૂત કુટુંબમાં પ્રતિ ખેડૂત કુટુંબદીઠ જમીન બે હેક્ટરની મર્યાદામાં આવતી હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે. |
| પ્રશ્ન: | **કેવા ખેડૂત કુટુંબને સહાય મળવાપાત્ર નથી?** |
| જવાબ: | યોજનામાં લાભ માટે ગેરપાત્રતા<br>(અ) જમીનધારક ખેડૂત કુટુંબ પાસે અથવા ખેડૂત કુટુંબમાં સમાવિષ્ટ વ્યક્તિઓની સંયુક્ત માલિકી હેઠળ કુલ બે હેક્ટર કરતા વધુ જમીન હોય.<br>(બ) નીચે દર્શાવેલ ઉચ્ચ આર્થિક દરજ્જો ધરાવતા ખેડૂત કુટુંબ લાભ માટે ગેરપાત્ર ઠરશે.<br>(બ-૧)સંસ્થાકીય જમીનધારકો<br>(બ-૨)જમીનધારક ખેડૂત કુટુંબમાંની કોઇ એક અથવા વધુ વ્યક્તિ કે જેઓનો નીચેના પૈકી |

| | |
|---|---|
| | કોઇમાં સમાવેશ થતો હોય;<br>૧. વર્તમાન અને ભૂતપૂર્વ તમામ બંધારણીય હોદ્દો ધરાવતા વ્યક્તિ<br>૨. વર્તમાન અને ભૂતપૂર્વ મંત્રીશ્રી/ રાજ્યકક્ષાના મંત્રીશ્રી, વર્તમાન અને ભૂતપૂર્વ લોકસભા/ રાજ્યસભા/ વિધાનસભાના સભ્યશ્રી, વર્તમાન અને ભૂતપૂર્વ મહાનગરપાલિકાના મેયરશ્રી અને વર્તમાન અને ભૂતપૂર્વ જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી<br>૩. સેવારત અને નિવૃત્ત (તમામ) – કેન્દ્ર અને રાજ્યસરકારના મંત્રાલય/ કચેરીઓ/ વિભાગો અને તેની ક્ષેત્રીય કચેરીઓ, કેન્દ્ર અને રાજ્ય સરકાર હસ્તકનાં તમામ જાહેરસાહસોના, કેન્દ્ર અને રાજ્ય સરકાર હસ્તકની તમામ સ્વાયત્ત અને સંલગ્ન સંસ્થાઓના તેમજ સ્થાનિક સંસ્થાઓના નિયમિત (મલ્ટીટાસ્કિંગ સ્ટાફ/ વર્ગ-૪/ ગ્રુપ-ડી સિવાયના) તમામ અધિકારી, કર્મચારી<br>૪. બ- ૨/૩ પૈકીના તમામ વય નિવૃત્ત/ નિવૃત્ત પેન્શનધારકો કે જેઓ પ્રતિમાસ રૂ. ૧૦,૦૦૦/- કે તેથી વધુ પેન્શન મેળવતાં હોય (મલ્ટીટાસ્કિંગ સ્ટાફ/ વર્ગ-૪/ ગ્રુપ-ડી સિવાયના)<br>૫. છેલ્લા આકારણી વર્ષમાં ઇન્કમટેક્ષ ચૂકવેલ કરદાતા<br>૬. વ્યવસાયિકો જેવાકે ડોકટર, એન્જિનિયર, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ અને આર્કિટેકટ કે જેઓ વ્યવસાયિક સંસ્થાઓ સાથે નોંધણી ધરાવતા હોય અને પ્રેક્ટિસ સ્વરૂપે વ્યવસાય ધરાવતા હોય.<br>ગેર પાત્રતા યાદીમાં સમાવેશ થતો નથી એ અંગે અરજીકર્તાએ રજુ કરેલ એકરારનામાને આધારે લાભાર્થી તરીકેની પાત્રતા નક્કી કરવાની રહેશે. |
| પ્રશ્ન: | **આ યોજનાની અમલીકરણ પધ્ધતિ શું છે?** |
| જવાબ: | આ યોજનાના અમલીકરણ માટે ખેડુતની ડેટા એન્ટ્રી, એકરારનામું, ગ્રામસભામાં મંજુરી, ગ્રામસભામાં મંજુરી આધારે પોર્ટલ પર યાદીનું આખરીકરણ, યાદીનું સબમિશન, જિલ્લા કક્ષાએથી યાદીનું ભારત સરકારશ્રીના પોર્ટલમાં સબમિશન તેમજ રાજ્ય કક્ષાએથી યાદીનું ભારત સરકારશ્રીના પોર્ટલમાં સબમિશન કરવાનું રહેશે. |
| પ્રશ્ન: | **આ યોજનાનાં ખેડુતની ડેટા એન્ટ્રી માટે શુ કરવાનું રહેશે?** |
| જવાબ: | યોજના માટેના પોર્ટલ https://www.digitalgujarat.gov.in/ ના માધ્યમથી પાત્રતા ધરાવતા જમીન ધારક જ ખેડુત કુટુંબની ઓનલાઈન અરજી કરવાની રહેશે.<br>• ગ્રામ્ય કક્ષાએથી ડેટા એન્ટ્રી વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિનીયોર (વી.સી.ઈ.), દુધ મંડળી, સહકારી મંડળી, અન્ય કોઈ સરકારી અથવા સહકારી સંસ્થા/વ્યક્તિને લોગિન ફાળવેલ હોઇ, તેના મારફત કરવાની રહેશે.<br>• અરજી માટે જે ગામમાં જમીન ધારણ કરતા હોય તે ગામના અથવા તો સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યા હોય તે ગામના નક્કી કરેલ ડેટા એન્ટ્રી કેન્દ્ર પર જઈ અરજી કરવાની રહેશે. |
| પ્રશ્ન: | **ખેડૂતની કઇ કઇ વિગતો જરૂરી રહેશે?** |
| જવાબ: | અરજીમાં જમીન ધરાવતા અંગેની વિગતો સહિત નામ, જાતિ, આધારકાર્ડ નંબર, મોબાઇલ |

| | |
|---|---|
| | નંબર, બેંક અકાઉન્ટની વિગત જરૂરી રહેશે. યોજના અમલીકરણના પ્રથમવર્ષના પ્રથમ હપ્તા તરીકે આધારકાર્ડ નંબર ન હોય તો, તેવા કિસ્સામાં આધાર એનરોલમેન્ટ નંબર, ડ્રાઇવીંગ લાયસન્સ, ચુંટણીકાર્ડ વગેરે ઓળખપત્ર તરીકે આપવાનું રહેશે. |
| પ્રશ્ન: | ઓન લાઇન અરજી કર્યા બાદ લાભાર્થીએ શું કરવાનું રહેશે ? |
| જવાબ: | અરજી સબમિટ થયેથી અરજીકર્તાએ એ વિગતો સહિતનું ફોર્મ અને સંલગ્ન એકરારનામાની પ્રિન્ટ લઈ સહી કરી બેન્ક એકાઉન્ટ વિગત માટે ચેક/પાસબુકની નકલ અને આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ ડેટા એન્ટ્રી કેન્દ્ર ખાતે જમા કરાવવાની રહેશે. |
| પ્રશ્ન: | તમામ વિગતો/દસ્તાવેજો કોને જમા કરાવવાના રહેશે.? |
| જવાબ: | તમામ વિગતો/દસ્તાવેજો તલાટીને જમા કરાવવાના રહેશે. |
| પ્રશ્ન: | ખેડૂત કુટુંબે કયા પ્રકારનું એકરારનામું રજુ કરવાનું રહેશે ? |
| જવાબ: | અરજીની વિગતો સાથે સંલગ્ન એકરારનામું પોર્ટલમાં અરજીની વિગતોના પત્રક સાથે પ્રિન્ટ થશે. આ માટે અરજદારે નીચે મુજબનું એકરારનામું સહી કરી રજુ કરવાનું રહેશે.<br>**એકરારનામું**<br>હું, ......................................, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધી યોજનામાં લાભ લેવા માટે આ સાથે અરજી કરૂં છું અને એ માટે આપવામાં આવેલ તમામ વિગતો સાચી છે. હું અથવા મારા ખેડૂત કુટુંબમાં સમાવિષ્ટ કોઇ પણ વ્યક્તિએ અરજીમાં દર્શાવ્યા સિવાય અન્ય કોઇ પણ સ્થળે સંયુક્ત રીતે કુલ બે હેક્ટરથી વધુ જમીન ધારણ કરેલ નથી. મારો અથવા મારા ખેડૂત કુટુંબમાં સમાવિષ્ટ કોઇ પણ વ્યક્તિનો આ યોજનાની ગેરપાત્રતા યાદી –<br>૧. વર્તમાન અને ભૂતપૂર્વ તમામ બંધારણીય હોદ્દો ધરાવતા વ્યક્તિ<br>૨. વર્તમાન અને ભૂતપૂર્વ મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વર્તમાન અને ભૂતપૂર્વ લોકસભા/ રાજ્યસભા/ વિધાનસભાના સભ્યશ્રી, વર્તમાન અને ભૂતપૂર્વ મહાનગરપાલિકાના મેયરશ્રી અને વર્તમાન અને ભૂતપૂર્વ જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી<br>૩. સેવારત અને નિવૃત્ત (તમામ) - કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રાલય/ કચેરીઓ/ વિભાગો અને તેની ક્ષેત્રીય કચેરીઓ, કેન્દ્ર અને રાજ્ય સરકાર હસ્તકનાં તમામ જાહેર સાહસોના, કેન્દ્ર અને રાજ્ય સરકાર હસ્તકની તમામ સ્વાયત્ત અને સંલગ્ન સંસ્થાઓના તેમજ સ્થાનિક સંસ્થાઓના નિયમિત (મલ્ટીટાસ્કિંગ સ્ટાફ/ વર્ગ-૪/ ગ્રુપ-ડી સિવાયના) તમામ અધિકારી, કર્મચારી<br>૪. ઉક્ત ૩ પૈકીના તમામ વયનિવૃત્ત/ નિવૃત્ત પેન્શનધારકો કે જેઓ પ્રતિ માસ રૂ. ૧૦,૦૦૦/- કે તેથી વધુ પેન્શન મેળવતાં હોય (મલ્ટીટાસ્કિંગ સ્ટાફ/ વર્ગ-૪/ ગ્રુપ-ડી સિવાયના)<br>૫. છેલ્લા આકારણી વર્ષમાં ઇન્કમટેક્ષ ચૂકવેલ કરદાતા<br>૬. વ્યવસાયિકો જેવા કે ડોકટર, એન્જિનિયર, વકીલ, ચાટર્ડ એકાઉન્ટન્ટ અને આર્કિટેકટ કે જેઓ વ્યવસાયિક સંસ્થાઓ સાથે નોંધણી ધરાવતા હોય અને પ્રેક્ટિસ સ્વરૂપે વ્યવસાય ધરાવતા હોય<br>- પૈકી કોઇમાં સમાવેશ થતો નથી. |

| | |
|---|---|
| | અમોએ અથવા અમારા ખેડૂત કુટુંબમાં સમાવિષ્ટ કોઇ પણ વ્યક્તિએ આ યોજનામાં લાભ લેવા અંગે અન્ય કોઇ સ્થળે અરજી કરેલ નથી. અરજી માટે આપવામાં આવેલ વિગતો અને ગેરપાત્રતાની યાદીમાં સમાવિષ્ટ ન થતા હોવા અંગેના એકરારનામામાં કોઇ પણ વિગત ખોટી જણાશે અથવા અમોએ ખોટી રીતે લાભ લીધો હોવાનું માલુમ પડશે તો સરકારશ્રી તરફથી મેળવેલ લાભની વસુલાત અને અન્ય કાયદાકીય કાર્યવાહી સહિતની કોઇ પણ કાર્યવાહી માટે હું જવાબદાર રહીશ એ અંગેની બાહેંધરી આપુ છું.<br>આ ઉપરાંત હું સંમત થાઉં છું કે પ્રધાનમંત્રી કિસાન સમ્માન યોજનાના અમલીકરણ સાથે જોડાયેલ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો એકરારનામા સાથે આપેલ આધાર નંબર અને અન્ય વિગતો સંલગ્ન સંસ્થાઓની યોજનાની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ લાભાર્થી તરીકેની પાત્રતા નક્કી કરવા માટે ઉપયોગ કરી શકશે. |
| પ્રશ્ન: | ખેડૂત કુટુંબ સિવાય અન્ય કોઇ એકરારનામું રજુ કરી શકશે ? |
| જવાબ: | જમીનધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રેકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ જો ગામમાં ન હોય અથવા ગામમાં રહેતા ન હોય તો તેમના વતી ખેડૂત કુટુંબ પૈકીના અન્ય પુખ્ત વ્યક્તિ એકરારનામું રજુ કરી શકશે. જમીન ધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રેકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ સિવાય એ ખેડૂત કુટુંબ પૈકીની અન્ય કોઇ વ્યક્તિ ધ્વારા એકરારનામું કરવામાં આવતું હોય તો એ અંગે એકરારનામાની નીચે નામ સહિતની વિગતની નોંધ કરવાની રહેશે. |
| પ્રશ્ન: | લાભાર્થીની યાદી કોણ મંજૂર કરશે ? |
| જવાબ: | પોર્ટલ પર ખેડૂત કુટુંબ તરફથી આપવામાં આવેલ વિગતો અને એકરારનામાને આધારે લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવશે. જેની તલાટી ધ્વારા ગ્રામસભામાં મંજૂરી મેળવવાની રહેશે. |
| પ્રશ્ન: | લાભાર્થીની યાદી આખરી કઇ ગણાશે ? |
| જવાબ: | લાભાર્થી અંગેની યાદી ગ્રામ સભાએ મંજુર કરેલ હશે એ આખરી ગણાશે. |
| પ્રશ્ન: | અરજી અંગે અથવા અરજી કર્યા બાદ અથવા લાભ મળવા ન મળવા અંગે ફરિયાદ કરી શકાશે? અને ફરીયાદ કોને કરી શકાશે ? |
| જવાબ: | હા, ફરીયાદ કરી શકાશે.<br>ફરિયાદના નિરાકરણ માટે તાલુકા અમલીકરણ, મોનિટરીંગ અને ફરિયાદ નિવારણ સમિતિ અથવા જિલ્લા અમલીકરણ, મોનિટરીંગ અને ફરિયાદ નિવારણ સમિતિને ફરીયાદ કરી શકાશે. |
| પ્રશ્ન: | ફરિયાદ નિવારણ સમિતિ વિષે લોકોને કઇ રીતે ખબર પડશે ? |
| જવાબ: | ફરીયાદ નિવારણ સમિતિ અંગે લોકોને જાણ થાય તે માટે ગ્રામ સભામાં આ અંગેની માહિતી આપવાની રહેશે. તેમજ યોગ્ય માધ્યમથી આ અંગે પ્રચાર પ્રસાર થાય તે જિલ્લા કલેકટરે સુનિશ્ચિત કરવામાં આવશે. |
| પ્રશ્ન: | ફરિયાદનો નિકાલ કેટલા સમયમાં થશે ? |

| | |
|---|---|
| જવાબ: | ફરિયાદ નિવારણ સમિતિ ફરિયાદ મળ્યાના બે અઠવાડિયાની અંદર યોગ્યતાના આધાર પર ફરિયાદનો નિકાલ કરશે. |
| પ્રશ્ન: | એક ખાતામાં (૮-અ) એક થી વધુ ખેડૂત કુટુંબ આવતા હશે તો દરેક ખેડૂત કુટુંબને લાભ મળશે? |
| જવાબ: | હા, એક ખાતામાં એકથી વધુ ખેડુત કુટુંબ આવતા હશે, તો પણ દરેક કુટુંબદીઠ રૂ. ૬૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે. ખાતામાં જેટલા કુટુંબ થશે તેટલા તમામ કુટુંબદીઠ રૂ. ૬૦૦૦/- મુજબ દરેક કુટુંબને લાભ મળશે. |
| પ્રશ્ન: | વ્યક્તિગત ખેડૂતને કેટલી જમીન હોય તો સહાય મળે? |
| જવાબ: | વ્યક્તિગત ખેડૂત તરીકે બે હેક્ટર સુધી જમીન ધારણ કરેલી હોય તો સહાય મળવાપાત્ર છે. |
| પ્રશ્ન: | લેન્ડ રેકર્ડમાં એક કરતાં વધુ જમીન ધારક ખેડૂત કુટુંબના નામ હોય અને કુલ જમીન બે હેક્ટર કરતા ઓછી હોય તે કિસ્સામાં લાભ કઇ રીતે મળે? |
| જવાબ: | લેન્ડ રેકોર્ડમાં એક કરતા વધુ જમીન ધારક ખેડૂત કુટુંબના નામ હોય અને કુલ જમીન બે હેક્ટર કરતા ઓછી હોય તે કિસ્સામાં રેકોર્ડમાં નામ ધરાવતા તમામ સ્વતંત્ર ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર છે. દા.ત. બે હેક્ટર સુધી જમીન હોય અને એ ખાતામાં પાંચ નામ હોય, જેમાં પતિ-પત્ની અને ત્રણ બાળકો હોય અને ત્રણેય બાળકો પુખ્તવયના હોય તો અહીં ચાર ખેડૂત કુટુંબ ગણાશે અને ચારેયને લાભ મળવાપાત્ર રહેશે. |
| પ્રશ્ન: | વ્યક્તિગત અને સંયુક્ત ખાતા પૈકી કોઇ એક અથવા બન્નેમાં એક કરતાં વધુ જગ્યાએ જમીન ધારક ખેડૂત કુટુંબ તરીકે નામ ધરાવતા હોય તેવા કિસ્સામાં લાભ કઇ રીતે મળે? |
| જવાબ: | વ્યક્તિગત અને સંયુક્ત ખાતા પૈકી કોઇ એક અથવા બંનેમાં એક કરતા વધુ જગ્યાએ જમીનધારક ખેડૂત કુટુંબ તરીકે નામ ધરાવતા હોય તે કિસ્સામાં તેમના માલિકીપણા હેઠળ આવતી તમામ ખાતાની જમીન કુલ બે હેક્ટરની મર્યાદામાં હોય.<br>દા.ત. ખેડૂત કુટુંબ પૈકી પતિનું નામ એક ખાતામાં હોય અને પત્નીનું નામ બીજા ખાતામાં હોય તો તેમના બંનેના ભાગે આવતી જમીન કુલ બે હેક્ટરની મર્યાદામાં હોયતો પણ લાભ મળવાપાત્ર રહેશે. |
| પ્રશ્ન: | લેન્ડ રેકર્ડમાં કુલ જમીન બે હેકટર કરતાં વધુ હોય અને તેમાં સમાવિષ્ટ જમીન ધારક કુટુંબમાં પ્રતિ ખેડૂત કુટુંબ દીઠ જમીન બે હેક્ટરની મર્યાદામાં આવતી હોય તેવા કિસ્સામાં લાભ કઇ રીતે મળે? |
| જવાબ: | લેન્ડ રેકોર્ડમાં કુલ જમીન બે હેક્ટર કરતા વધુ હોય અને એમાં સમાવિષ્ટ જમીન ધારક ખેડૂત કુટુંબમાં પ્રતિ ખેડૂત કુટુંબ દીઠ જમીન બે હેક્ટરની મર્યાદામાં આવતી હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.<br>દા.ત. જમીનનું ખાતું દસ હેક્ટરનું હોય અને તેમાં કુલ આઠ નામ હોય જે પૈકી પતિ, પત્ની, ત્રણ પુખ્ત બાળકો અને ત્રણ અન્ય પુખ્ત સભ્યોના નામ હોય તો અહીં સાત ખેડૂત કુટુંબ થશે. જેથી તમામના ભાગે મોટે ભાગે બે હેક્ટર કરતા ઓછી જમીન થશે અને તેથી સાત ખેડૂત કુટુંબને |

| | |
|---|---|
| | લાભ મળવાપાત્ર થશે. |
| પ્રશ્ન: | જો લાભાર્થી ગામમાં રહેતો ના હોય તો તેવા કિસ્સામાં શું કરી શકાય? |
| જવાબ: | જમીનધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રેકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ જો ગામમાં ન હોય અથવા ગામમાં રહેતા ન હોય તો તેમના વતી ખેડૂત કુટુંબ પૈકીના અન્ય પુખ્ત વ્યક્તિ એકરારનામું રજુ કરી શકશે. જે માટે એકરાનામું કરનાર વ્યક્તિએ પોતાનું નામ અને જમીનધારક સાથેનો સબંધ એકરારનામાની નીચે ઉલ્લેખ કરવાનો રહેશે. |
| પ્રશ્ન: | આ યોજના માટે બે હેક્ટર જમીનની ગણતરી કઇ રીતે ? |
| જવાબ: | ખેડૂત કુટુંબના સભ્યોના નામ જે જે ખાતામાં હોય, ત્યાં કુટુંબના સભ્ય દીઠ વણવહેંચાયેલી જમીનની ગણતરી કરી કુટુંબનું કુલ હોલ્ડિંગ ગણવું, જે ૨.૦૦ હેક્ટરથી ઓછું હોય તો તે ખેડૂત કુટુંબને યોજનાનો લાભ મળવાપાત્ર બનશે. |
| પ્રશ્ન: | આ યોજનાનો લાભ લેવા માટે કોણ અરજી કોણ કરી શકે ? |
| જવાબ: | ખેડૂત કુટુંબ પૈકી પતિ અથવા પત્ની જેના નામે વધારે જમીન હોય તે અથવા જે મોટી ઉંમરના હોય તે આ યોજના હેઠળ લાભ મેળવવા માટે ઓનલાઇન પોર્ટલ પર અરજી કરી શકે. |
| પ્રશ્ન: | આ યોજ્નાનો લાભ લેવા માટે અન્ય કોઇ જેવા કે મિત્ર કે સગા ખેડુત વતી અરજી કરી શકે ? |
| જવાબ: | ના. |
| પ્રશ્ન: | આ યોજના અંતર્ગત પ્રથમ હપ્તાની સમયમર્યાદા શું નક્કી કરવામાં આવેલ છે? |
| જવાબ: | આ યોજના અંતર્ગત પ્રથમ હપ્તાના અમલીકરણ માટે નીચે મુજબ સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે. |

| ક્રમ | કામગીરી | સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પોર્ટલ ઉપર અરજી મેળવવી | તા. ૧૭/૦૨/૨૦૧૯ સુધી |
| ૨ | ગ્રામસભામાં બોલાવી પોર્ટલ ઉપર મળેલ અરજી અન્વયે તૈયાર થયેલ યાદી ગ્રામસભામાં મંજૂર કરાવવી | તા. ૧૮/૦૨/૨૦૧૯ સુધી |
| ૩ | ગ્રામસભામાં મંજુર થયેલ યાદી આખરીકરણ કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત જિલ્લા કલેક્ટરશ્રીને મોકલવી | તા. ૧૯/૦૨/૨૦૧૯ સુધી. |
| ૪ | જિલ્લા કલેકટરશ્રી દ્વારા જિલ્લાવાર યાદી વેરીફાઈ અને સર્ટીફાઈ કરી ભારત સરકારશ્રીના પોર્ટલ ઉપર સબમીટ કરવી. | તા. ૧૯/૦૨/૨૦૧૯ સુધી |
| ૫ | રાજ્ય કક્ષાએ ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર (પી.એમ. કિસાન ગુજરાત) દ્વારા જિલ્લાવાર યાદી ભારત સરકારશ્રી ના પોર્ટલ ઉપર સબમીટ કરવી. | તા. ૨૦/૦૨/૨૦૧૯ સુધી |

| | |
|---|---|
| પ્રશ્ન: | તાલુકા કક્ષાએ આ યોજનાના અમલીકરણ, મોનીટરીંગ અને ફરિયાદ નિવારણ માટે કઇ સમિતિ કાર્યરત રહેશે? |
| જવાબ: | તાલુકા કક્ષાએ આ યોજનાના અમલીકરણ, મોનીટરીંગ અને ફરિયાદ નિવારણ માટે તાલુકા અમલીકરણ, મોનીટરીંગ અને ફરિયાદ નિવારણ સમિતિ કાર્યરત રહેશે જેની સંરચના નીચે મુજબ છે.<br>- પ્રાંત અધિકારીશ્રી - અધ્યક્ષ<br>- તાલુકા વિકાસ અધિકારીશ્રી - સભ્ય<br>- વિસ્તરણ અધિકારી (સહકાર/ખેતી) - સભ્ય<br>- મામલતદારશ્રી - સભ્યસચિવ |
| પ્રશ્ન: | જીલ્લા કક્ષાએ આ યોજનાના અમલીકરણ, મોનીટરીંગ અને ફરિયાદ નિવારણ માટે કઇ સમિતિ કાર્યરત રહેશે? |
| જવાબ: | જિલ્લા કક્ષાએ યોજનાના અમલીકરણ, મોનીટરીંગ અને ફરિયાદ નિવારણ માટે જિલ્લા અમલીકરણ, મોનીટરીંગ અને ફરિયાદ નિવારણ સમિતિ કાર્યરત રહેશે જેની સંરચના નીચે મુજબ છે.<br>- જિલ્લા કલેકટરશ્રી – અધ્યક્ષ<br>- જિલ્લા વિકાસ અધિકારીશ્રી – સભ્ય<br>- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી- સભ્ય<br>- જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી - સભ્ય<br>- જિલ્લા આંકડા અધિકારીશ્રી - સભ્ય<br>- જિલ્લા રજિસ્ટારશ્રી - સભ્ય<br>- એન.આઇ.સી. પ્રતિનિધિ- સભ્ય<br>- નિવાસી અધિક કલેકટરશ્રી - સભ્યસચિવ |
| પ્રશ્ન: | રાજ્ય કક્ષાએ આ યોજનાના ફરિયાદ નિવારણ માટે કઇ સમિતિ કાર્યરત રહેશે? |
| જવાબ: | રાજ્ય કક્ષાએ યોજનાના ફરિયાદ નિવારણ માટે રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિ કાર્યરત રહેશે જેની સંરચના નીચે મુજબ છે.<br>- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ) – અધ્યક્ષ<br>- અધિક મુખ્ય સચિવશ્રી (રેવન્યુ) - સભ્ય<br>- અગ્ર સચિવશ્રી (પંચાયત) - સભ્ય<br>- ખેતી નિયામકશ્રી - સભ્ય<br>- ચીફ એક્ઝ્યુક્યુટિવ ઓફિસર (પી.એમ.કિસાન ગુજરાત) - સભ્યસચિવ |
| પ્રશ્ન: | યોજનાના રાજ્યવ્યાપી અમલીકરણ અને સુપરવિઝન માટે રાજ્ય કક્ષાએ કઇ સમિતિ કાર્યરત રહેશે? |

| | |
|---|---|
| જવાબ: | આ યોજનાના રાજ્યવ્યાપી અમલીકરણ અને સુપરવિઝન માટે રાજ્યકક્ષાએ કમિટી કાર્યરતરહેશે. જેની સંરચના નીચે મુજબ છે.<br>- મુખ્ય સચિવશ્રી – અધ્યક્ષ<br>- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ) – સહ અધ્યક્ષ<br>- અધિકમુખ્યસચિવશ્રી (રેવન્યુ) - સભ્ય<br>- અગ્રસચિવશ્રી (પંચાયત) - સભ્ય<br>- સચિવશ્રી (સહકાર) - સભ્ય<br>- સચિવશ્રી (વિજ્ઞાન અને ટેકનોલોજી) - સભ્ય<br>- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ - સભ્ય<br>- ખેતી નિયામકશ્રી - સભ્ય<br>- એન.આઇ.સી. પ્રતિનિધિ- સભ્ય<br>- ચીફ એક્ઝ્યુક્યુટિવ ઓફિસર (પી.એમ.કિસાન ગુજરાત) - સભ્યસચિવ |
| | આ યોજના અંતર્ગત લાભ મળવા બાબતની સમજૂતી |

| વિગત | વાર્ષિક સહાય પાત્રતા |
|---|---|
| એક ખેડૂત કુટુંબ દ્વારા ૧૦ હેક્ટર જમીન ધારણ કરેલ છે. | કોઈ લાભ નહીં. |
| પાંચ ખેડૂત કુટુંબ દ્વારા ૧૦ હેક્ટર જમીનમાંથી દરેક બે હેક્ટર જમીન ધારણ કરેલ છે. | દરેક કુટુંબને રૂા. ૬૦૦૦/- |
| ૧૨ હેક્ટર જમીન ધારણકર્તા ૧૨ પરિવાર પૈકી ૪ કુટુંબ ૧ હેક્ટર જમીન ધારણ કરે છે અને ૮ કુટુંબ ૧.૫ હે. જમીન ધારણ કરે છે. | દરેક કુટુંબને રૂા. ૬૦૦૦/- |
| એક કુટુંબના અલગ-અલગ સભ્યો દ્વારા અલગ-અલગ રેવન્યુ એકમોમાં ૧.૮ હેક્ટર જમીન ધારણ કરેલ છે. | વાર્ષિક રૂા. ૬૦૦૦/- |
| ૧૦ હેક્ટર જમીન ૪ કુટુંબ દ્વારા ધરાવતા હોવાના કિસ્સામાં ૧ કુટુંબ પાસે ૪ હેક્ટર જમીન છે જ્યારે અન્ય ત્રણ પાસે ૧.૫ હેક્ટર જમીન છે. | ૪ હેક્ટર જમીન ધરાવતા કુટુંબને કોઈ લાભ નહીં અન્ય ૩ કુટુંબને રૂા. ૬૦૦૦/- |
| જો જમીનની માલિકી ૫ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ વારસાઈ /વેચાણના કારણે ફેરફાર થયેલ હોય | સપ્રમાણ લાભ (બે મહીના અને પચીસ દિવસ માટે સહાય મળવાપાત્ર) |

********